# જવાનગઢ પાસે પોલીસ જીપ પલટી જતા એક મહિલા સહીત બેના મોત

## હિમતનગરથી મોડાસા કોર્ટમાં હત્યાના ગુનાની મહિલા આરોપીને રજુ કરવા જતા હતા : એક પોલીસકર્મી અને મહિલા આરોપીનું સારવાર દરમિયાન મોત

સાબરકાંઠાના જવાનગઢ પાસે ગુરુવારે સવારે હત્યાના મહિલા આરોપીને મોડાસા લઈને જઈ રહેલ પોલીસની કાર ટાયર ફાટી જતા પલટી ગયેલ જેમાં આરોપી મહિલા અને એક પોલીસ કર્મીનુ મોત નીપજ્યું હતું.બનાવ અંગે પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરના રાયગઢ પાસે આવેલ જવાનગઢ પાટીયા નજીક ગુરવારે સવારે ૧૦.૩૦ વાગેના સમયે હિમતનગરની સબજેલમાંથી ભિલોડાની આરોપી મહિલા હત્યાના ગુન્હાનીને મોડાસા પોલીસની બોલેરો જીપમાં સાબલપુર





સેસન્સ કોર્ટમા રજુ કરવા જઈ રહ્યા હતા દરમિયાન પોલીસની ગાડીનુ ચાલક સાઈડનું આગળનું અને પાછળનું ટાયર ફાટી જતા પોલીસની જીપ રોડ સાઈડે ત્રણ પલટી ખાઈ ખાડામાં પડી હતી.જેમાં મહિલા કેદી સહિત ચાર પોલીસકર્મી ઘાયલ થયા હતા જે તમામને પ્રથમ ગાંભોઈ સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી પ્રાથમિક સારવાર લઈ ઈજાગ્રસ્તોને ૧૦૮ ધ્વારા હિંમતનગર સીવીલમા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.ત્યાંથી વધુ ગંભીર ઈજાગ્રસ્ત મહિલા આરોપીને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલમા ખસેડ્વામા આવી હતી જયારે હિમતનગર સિવિલમાં ઈજાગ્રસ્ત પોલીસ કર્મી અને મહિલા પોલીસ કર્મીને સારવાર હેઠળ હતા.આ અંગેની જાણ ગાંભોઈ પોલીસને થતા પીએસઆઈ અભિષેક ધવન સ્ટાફ સાથે સિવિલમાં પહોચી ઈજાગ્રસ્ત મહિલા પોલીસ કર્મી ભાવનાબેન બારિયાની ફરિયાદ આધારે જીપ ચાલક વિજેશ બામણીયા વિરુદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.દરમિયાન બપોરના સમયે અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત હત્યાના ગુનાની મહિલા આરોપીનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યુંહતુંતો બીજી તરફ હિમતનગર સિવિલમાં સારવાર લઈ રહેલ પોલીસ કર્મીનુંપણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.તો અકસ્માતમાં પોલીસ કર્મી અને મહિલા આરોપીના મોત નીપજ્યા હતા તો ઈજાગ્રસ્ત એક મહિલા પોલીસ કર્મી હિમતનગર સિવિલમાં સારવાર લઈ રહેલ છે.આ અંગે ગાંભોઈ પોલીસને જાણ થતા તાત્કાલિક અમદાવાદ જવા રવાના થઈ હતી તો બીજી તરફ હિમતનગર સિવિલમાં જીલ્લા પોલીસ વડા પહોચી ગયા હતા.આ અંગે બી-ડીવીઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મેઘરજના વૈડી ડેમમાં કપડાં ધોવા ગયેલ માતા-પુત્રનું ડેમમાં ડુબી જતાં મોત

મેઘરજ, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગોધાવાડા ગામની મહિલા બુધવારના રોજ બપોરે એક વાગે પોતાના બે સંતાનો સાથે વૈડી ડેમમાં કપડા ધોવા ગયા હતા. તે દરમિયાન મોટા પુત્રનો પગ પાણીમાં લપસતાં પુત્રને બચાવવા જતાં માતા અને પુત્ર બંને પાણીમાં ડુબી જતાં માતા અને પુત્રના મોતથી સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે.

મેઘરજ તાલુકાના ગોધાવાડા ગામની ૩૫ વર્ષીય મહિલા રમીલાબેન સુકાભાઈ ખોખર પોતાના બંને સંતાનો સાથે વૈડી ડેમમાં કપડાં ધોવા ગયા હતા. તે દરમિયાન અજય ખોખર ઉં.વ. ૯નો પાણીમાં પગ લપસી જતા અજય વૈડી ડેમમાં ડુબવા લાગ્યો હતો. ત્યારે અજયની માતા રમીલાબેન પોતાના પુત્રને બચાવવા પાણીમાં જંપલાવ્યુ હતુ તે દરમિયાન રમીલાબેન અને તેમનો પુત્ર બંને પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેથી નાના પુત્રએ એકાએક બુમો પાડતા આજુબાજુના ખેતમજૂરો તેમજ ગોવાળીયા એકત્ર થઈ ગયા હતા અને માતા પુત્રને પાણીમાંથી બહાર કાઢી ૧૦૮ દ્વારા સારવાર અર્થે મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબે માતા અને પુત્ર બંનેને મૃત જાહેર કરતાં પરીવારજનો પર દુઃખનુ આભ તુટી પડ્યુ હતુ અને પરીવારજનોએ ઈસરી પોલીસને જાણ કરતા ઈસરી પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો દાખલ કરી બંને મૃતદેહોનું પી.એમ. કરાવી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે અશરફી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સુપર માઈન્ડ પાવર કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ





ખાતે અશરફી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સુપર માઈન્ડ પાવર પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં ડૉ. સુરાણી દ્વારા પ્રોગ્રામમાં ઉપસ્થિત લોકોના દિલ જીતી લીધા હતા અને લક્ષ્ય પ્રાપ્ત મનની શક્તિઓનો ઉપયોગ સહિતનું જ્ઞાન મેળવ્યું હતું.

પ્રાંતિજ વ્હોરવાડ ખાતે અશરફી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રાંતિજ ખાતે રહેતા કોઈપણ સમાજના જરૂરીયાતમંદો માટે દવા, કપડાં, કરીયાણું સહિતની જરૂરીયાત ચીજવસ્તુઓ બે સહાય લોકોને પુરી પાડવામાં આવે છે અને અસરફી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ સુપર માઈન્ડ પાવર પ્રોગ્રામ દ્વારા જે કોઈ ફંડ ભેગો થાય તે પ્રાંતિજ ખાતે રહેતા દરેક સમાજના જરૂરીયાત લોકોને તેમની જરૂરીયાત પુરી પાડવા પ્રાંતિજ વ્હોરવાડ જમાતખાના ખાતે ડૉ. સુરાણીના પ્રોગ્રામનું પ્રાંતિજ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ ખાતે રહેતાં લોકોએ જીવનમાં આગળ આવવા તથા સુખ સમૃદ્ધિ મેળવવા ઈચ્છતા લોકો માટેનો સુપર માઈન્ડ પાવર પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં લક્ષ્ય પ્રાપ્ત કરવા મનની શક્તિનો ઉપયોગ કેવી રીતે કેટલો તણાવ મુક્ત ભય અને ડરથી મુક્ત અને વિદ્યાર્થીઓને વાંચેલુ યાદ રાખવાની કળા સહિત સંતાનો સાથે સંબંધ બનાવવા કળા સહિતની વિશેષ માર્ગદર્શન સાથે માહિતી પુરી પાડી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેન્દ્રભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યુ હતુ અને અશરફ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રાંતિજના સૌજન્ય દ્વારા સેમીનાર યોજાયો હતો.

# પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ કહે છે, હું કોંગ્રેસમાં જ છુ અને રહેવાનો છુ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ- તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ હાથ છોડી કમળ ખીલાવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે અને હું કોંગ્રેસમાં જ છું અને કોંગ્રેસમાં જ રહેવાનો છું તેવું સ્પષ્ટ પણે જણાવ્યું હતું.

ચૂંટણીની શરણાઈઓના સૂરે ધીમી ગતીએ પિકપ પકડી છે ત્યારે વિવિધ ચર્ચાઓએ જોર પકડયું છે. જેમાં કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો હાથ છોડી કમળ ખીલાવાની અફવાએ વેગ પકડ્યો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ-૩૩ વિધાનસભા સીટ ઉપર કોંગ્રેસના ચાલુ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા



પણ કોંગ્રેસનો હાથ છોડી કમળનો સાથની વાતો ચર્ચાઓએ જોર પકડયું છે ત્યારે તેવો સાથે રૂબરૂ સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું હતુ કે હું કોંગ્રેસમાં જ છું અને કોંગ્રેસમાં જ રહેવાનો છું અને ભાજપમાં જોડાવાની વાતને માત્ર અફવા ગણાવી હતી અને ૨૦૧૭ માં યોજાનાર ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી ફરી મને ટીકીટ આપશે તો હું ફરી કોંગ્રેસમાંથી જ ચુંટણી લડીશ અને પ્રજાએ અને કોંગ્રેસ કાર્યકરોએ કોંગ્રેસ પાર્ટીએ મારા ઉપર જે વિશ્વાસ મુક્યો છે એ વિશ્વાસને હું બનાવી રાખીશ.

# ટીંટોઈ ગામે જૂની અદાવતમાં બોલાચાલી બાદ મામલો બીચકતા મારામારીમાં એકને ઈજા

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં જૂની અદાવતે મામલો બીચકતા મારામારીમાં એકને ઈજા થતાં રૂરલ પોલિસે ચાર આરોપીઓ સામે ધોરણસરની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મોડાસામાં જમજમ સોસાયટીમાં રહેતી નજમાબેન મહેમદહુસેન કરોલિયાએ નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના આરોપી ઈસ્માઈલભાઈની દિકરી ઈજા પામનાર સાથે ભાગી જતા તે બનાવ અંગેની અદાવત રાખી આરોપીઓએ એક સંપ થઈને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી અને આરોપી ઈસ્માઈલભાઈ તેમના હાથમાંની લાકડી ઝાકીર્ણ બરડામાં ઝીંકી દેતા તે ઈજાગ્રસ્ત થયો હતો જયારે આરોપીઓએ ગડદાપાટુનો માર મારતા બનાવની નોંધાયેલ ફરિયાદ અન્વયે વધુ તપાસ હાથ ધરાઈ છે.

# પોયડા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સેવાસેતુ કાર્યક્રમમાં જાતિના દાખલા, ક્રિમિનલ સર્ટીફિકેટ, રેશનકાર્ડ, ડિજીટલ લોકર, મા અમૃતમ કાર્ડ, કૃષિ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, આદિજાતી વિભાગ, વિધવા/ વયવંદના સહાય, આરોગ્ય વિભાગ, પાણી પુરવઠા, ઊર્જા વિભાગ જેવા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા સરકારી વહીવટને પારદર્શક સંવેદનશીલ અને વહીવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટીતંત્રમાં વધારાની વ્યવસ્થાનો ઉમેરો કરી રાજ્યના નાગરીકોને સ્પર્શતી સામુહીક રજૂઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ લોકોલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે ધનસુરા તાલુકાના પોયડા ખાતે સેવાસેતુ કાર્યક્રમ તા. ૧૬-૫-૧૭ના રોજ ૯ કલાકે બીસીએ કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રજાજનોની રૂબરૂમાં સામુહીક પ્રજાહિતના પ્રશ્નોની રજુઆતો ઉપર સંબંધિત વિભાગના કુલ ૨૪૯૭ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો.



અરવલ્લી જીલ્લાના ભિલોડા લક્ષ્મીનારાયણ મંદીર પરીસર, ચોકલી ચોકમાં લક્ષ્મીનારાયણ મંદીરમાં ૪૫મો પાટોત્સવ લઘુ-વિષ્ણુંયાગ યોજાયો હતો. લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટ, ગ્રામજનો અને ભાવિક ભક્તો ધ્વારા ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો. યજ્ઞની પુર્ણાહુતી સાંજે ૬:૦૦ વાગ્યે યોજાઈ હતી. ભાવિક ભક્તોએ મહાપ્રસાદનો લાભ મોટી સંખ્યામાં લીધો હતો. ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટ, ગ્રામજનોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

### મોડાસાના ઉમેદપુર-દાધલિયા ગામની બાળા

# ઉંચી કૂદ રમતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા ભૂતાન જશે

મોડાસા, તા. ૧૮

અરવલ્લી મોડાસા તાલુકાના (દઘાલીયા)ની બાળા એ ઉંચી કુદમાં રાષ્ટીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યા બાદ હવે આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ભાગ લેવા માટે ભૂતાન જશે. આ બાળાએ રાષ્ટ્રીયકક્ષાએ યોજાયેલ ઉચી કુદ ખેલમાં ભાગ લઈને ગોલ્ડમેડલ જીતી ગઈ હતી.

તેણીએ સમગ્ર અરવલ્લી જિલ્લાનું ગૌરવ વધાર્યુ હતું. મોડાસાના ઉમેદપુર (દધાલીયા)ની શીતલ હરેશભાઈ ચૌધરીએ મહારાષ્ટ્રના નાસિકમાં યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની ઉંચી દોરડા કુદમાં ભાગ લીધો હતો. તેણીના ઉત્કૃષ્ટ દેખાવને ધ્યાને લઈને તેણીના ઉપર ગોલ્ડ મેડલ માટે પસંદગી ઉતારી



હતી. શીતલ ચૌધરી નેશનલ કક્ષાએ ગોલ્ડ મેડલ બન્યા બાદ આંતરરાષ્ટ્રીય ગેમમાં ભાગ લેવા માટે ભૂતાન ( થીંપુ ) ખાતે પોતાના વતન ઉમેદપુર ખાતેથી રવાના થશે.

શીતલ ચૌધરી આંતરરાષ્ટ્રીય ગેમમાં ગોલ્ડ મેડલ મેળવી ભારત અને સમગ્ર ચૌધરી સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ ચોતરફથી પાઠવાઈ રહી છે. ત્યારે ગુજરાત કિસાન સંગઠનના અરવલ્લી અને સાબરકાંઠાના પ્રમુખ નીકુલ પટેલ એ જણાવતા કહ્યું હતું એક ખેડૂત પુત્રી દેશની બહાર આંતરરાષ્ટ્રીય ગેમ માં ભાગ લેવા જઈ રહી છે એ બહુ ખુશીની વાત છે. અને તે આંતરરાષ્ટ્રીય ગેમમાં ઝંપલાવી ભારત અને સમગ્ર ચૌધરી સમાજનું નામ રોશન કરે તેવી ગુજરાત કિસાન સંગઠન તરફથી શુભ કામનાઓ છે.

# અરવલ્લી જિલ્લામાં કાળઝાળ ગરમીમાં પક્ષીઓ બેહાલ બન્યાં

અરવલ્લી, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં છેલ્લા પખવાડીયાથી કાળઝાળ ગરમીથી લોકો તોબા પોકારી ઉઠયા છે. બીજી તરફ સતત ૪૧ ડિગ્રીથી વધુ તાપમાનનો પારો સતત ઊંચે રહેતા ગરમીના કહેરથી પક્ષીઓ પણ બેહાલ બન્યા છે. છેલ્લા એક જ સપ્તાહમાં ૭૦ થી વધુ પક્ષીઓ હિટસ્ટ્રોકનો ભોગ બન્યા છે. આગ ઓકતી ગરમીમાં આભમાં ઉડતા પક્ષીઓ ડિહાઈડ્રેશનના લીધે જમીન પર પટકાઈ પડવાની સાથે રહેણાંક વિસ્તારોમાં ગરમીથી બચવા મથતા કબૂતરો પણ ડિહાઈડ્રેશનનો ભોગ બનતા બેશુદ્ધ બની જતા હોય છે.

ગરમીનો પ્રકોપ વધ્યો છે. ત્યારે પક્ષીઓની દશા દયનીય બની છે. ગરમીના લીધે માણસો જ નહિ, પક્ષીઓ પણ ડિહાઈડ્રેશનને લીધે બિમાર પડ્યા છે. અરવલ્લી જિલ્લામાં મુખ્યત્વે કબૂતર, હોલા અને પોપટ સહિતના પક્ષીઓના બચ્ચાઓ ડિહાઈડ્રેશનનો ભોગ બની રહ્યા છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના ઝાડ પર ચામાચીડીયા લટકતા દિવસો અચાનક જમીન પર પટકાવવાની



ઘટનાઓ બની રહી છે. મોડાસા શહેરમાં ડિહાઈડ્રેશનથી પટકાતા પક્ષીઓ માટે મોડાસા શહેરના જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી અને તેમની ટીમ સતત ડિહાઈડ્રેશનનો ભોગ બનેલા પક્ષીઓની સેવા કરવા તત્પર રહે છે. અને ડિહાઈડ્રેશનનો ભોગ બનેલા પક્ષીઓને ઓઆરએસ યુક્ત પાણી પીવડાવવા માટે જનજાગૃતિ અભિયાન હાથ ધરવા તૈયારીઓ હાથ ધરી છે. જેમાં ઝાડ તથા ઘરની બહાર મુકેલા પાણીના કુંડામાં ઓઆરએસ નાંખવામાં આવે તો ઓઆરએસ યુક્ત પાણી પીવાથી પક્ષીઓને ડિહાઈડ્રેશનથી બચાવી શકાય અને પક્ષીઓ હિટસ્ટ્રોકના ભોગ બને ત્યારે ઓઆરએસ યુક્ત પાણી ખુબજ લાભદાયી નિવડી શકે છે.

# પાલનપુરમાં કોંગ્રેસના રાષ્ટ્રિય નેતાઓની હાજરીમાં કરોબારી યોજાઈ

## ૨૦મીએ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ડીસામાં કૃષિમેળાનો કોંગ્રેસ વિરોધ કરશે

આઝાદ ભારતને વિકાસની દિશામાં અગ્રેસર કરી લાંબા સમય સુધી દેશ પર એકચક્રી શાસન કરનાર કોગ્રેસના હવે વળતા પાણી થયા છે



ત્યારે ભાજપના કોંગ્રેસ મુક્ત ભારત ના નારા સામે પણ અડીખમ રહેનાર કોંગ્રેસ ના ગઢ સમાં સરહદી બનાસકાંઠા જીલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે કોંગ્રેસ ની કારોબારી યોજાઈ હતી જેમાં ૨૦૧૭ ની ચુંટણી માં ભાજપ મુકત બનાસકાંઠા ની હાકલ સાથે કોંગ્રેસ આવે છે અભિયાન નો પારંભ કર્યો હતો પાલનપુર ખાતે યોજાયેલી બનાસકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી સભામાં માં જીલ્લાની ૯ બેઠકો પૈકી ૬ બેઠકો જાળવી રાખી બાકીની ૩ બેઠકો ઉપર કેવી રીતે કબજો જમાવવો તે માટે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી જો કે કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ સહિત કોંગ્રેસ ના કાર્યકર્તાઓ મોટી સંખ્યા માં હાજર રહયા હતાઆગામી સમય માં ભાજપ દ્વારા જીલ્લામાં વિપક્ષ ના નેતા શંકરસિહ વાઘેલા સહિત તેમના સમર્થક ધારસભ્યો ભાજપ માં જોડવાની અફવાઓ તેજ બની છે ત્યારે પાલનપુરની કોંગ્રેસની કારોબારી માં પાલનપુર ના ધારાસભ્ય મહેશભાઈ પટેલ અને કાંકરેજ ના ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુર ગેરહાજર રહેતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતા આ બેઠક માં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ ના મંત્રી વર્ષા ગાયકવાડ ,જગદીશ ઠાકોર ,જીલ્લા મુખ્યમંત્રી વિજય રૂપાણી ના અધ્યક્ષ સાથે ડીસા માં કૃષિમેળો યોજાવાનો છે ત્યારે કોંગ્રેસ હવે ભાજપ ના કૃષિમેળો ના વિરોધ માટે એકસપ્લાન બનાવી રહી છે કોંગ્રેસ ની કારોબારી ની બેઠક દરમિયાન ડિસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ એ મીડિયા સાથે ની વાતચીત માં કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી ના આદેશ અનુસાર કૃષિ મેળા ના વિરોધ કરવામાં આવશે.

# પ્રાંતિજના સાંપડ ગામની સીમમાંથી રેતી ભરેલ ચાર ટ્રક અને ત્રણ ટ્રેક્ટર સ્થાનિક તંત્ર એ ઝડપી

## બીન અધિકૃત રેતી ભરેલ પાસ પરમીટ વગર ખનીજ ચોરી કરતા વાહનો ઝડપાયા : એક લાકડાં ભરેલું ટ્રેક્ટર પણ પકડાયું

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે વહેલી સવારે પ્રાંત અધિકારી કચેરી તથા મામલતદાર કચેરી સહિતની ટીમે લ્હાયમાં મસ્ત નિંદ્રામય છે. ત્યારે પ્રાંતિજ સ્થાનિક તંત્ર પ્રાન્ત અધિકારી તથા મામલતદારની ટીમ દ્વારા સાંપડ ખાતે વહેલી સવારે ઓચિંતી સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતા ચાર એકલ દોકલ ખાલી સમ ખાવા કેસ કરે છે અને પોતાની તીજોરીઓ નોટોના બંડલથી ભારે કરે છે. ત્યારે જો ખરેખર તપાસ થાય તો લાખ્ખો રૂપિયાની ખનીજ ચોરી પકડાય તેમ



ઓચિંતી તપાસ કરતાં બિનઅધિકૃત પાસ પરમીટ વગર રેતીનું વહન કરતાં વાહનો ઝડપી પાડ્યા હતા. જ્યારે આ સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ખનીજ ચોરોમાં નાસભાગ મચી જવા પામી હતી.

પ્રાંતિજ તાલુકામાં આવેલ સાબરમતી નદીના પટમાં બેધડક વગર પાસ પરમીટ કે લીઝ ના હોવા છતાં ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી થઈ રહી છે અને જેની જવાબદારી છે તે ખાણ ખનીજ તંત્ર માત્ર હપ્તાના ટ્રક અને ત્રણ ટ્રેક્ટર બીન અધિકૃત પાસ પરમીટ વગર ઝડપી પાડ્યા હતા અને વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે સમાચાર વાયુવેગે અન્ય વાહન ચાલકો તથા ખનીજ માફીયા પાસે પહોંચી જતા નાશભાગ મચી જવા પામી હતી અને ખનીજચોરો ભુગર્ભમાં ઉતરી ગયા હતા. ત્યારે ખાણખનીજ વિભાગ શાખાના અધિકારીઓ માત્ર નાટ્યાત્મક રીતે બે ત્રણ મહિને છે અને દંડની રકમથી સરકારની તીજોરીઓ પણ ભરાશે તેમ કહીએ તો પણ નવાઈ નહી. ત્યારે પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા નેશનલ હાઈવે આઠ ઉપરથી લાકડા ભરેલ ટ્રેક્ટર પણ પકડી પાડ્યુ છે. લાકડા ચોરો કોન્ટ્રાક્ટરોમાં પણ ભય ફેલાયો હતો. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું સ્થાનિક તંત્ર પછી ખાણ ખનીજ તંત્ર હપ્તાની ચાદર સમેટી લઈને શુ ખરેખર કાર્યવાહી હાથ ધરશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.